શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC · durashine · TATA SHAKTEE · ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ કારતક વદ દશમ, શુક્રવાર ૧૪ નવેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


## બાબરી ધ્વંસની વરસીએ દિલ્હીમાં છ સ્થળોએ છ તબક્કે ધડાકા કરવાના હતા

# દિલ્હીમાં ૩૨ કારોથી વિસ્ફોટો કરવાનું આયોજન હતું

**દિલ્હી** વિસ્ફોટમાં ફૂંકાઇ ગયેલ કાર સહિત ૩૨ કારો આ કામ માટે તૈયાર કરાતી હતી, ત્રણ કારો પકડાઇ ગઇ

**દિવાળીના** ટાણે પણ એક હુમલો કરવાનું આયોજન હતું, જે પડતું મૂકાયું

**નવી દિલ્હી, તા. 13 :** દિલ્હી લાલ કિલ્લા વિસ્ફોટ કેસની તપાસમાં અને વ્હાઇટ કોલર મોડ્યુલની તપાસમાં કેટલીક ધ્રુજાવનારી વિગતો બહાર આવી છે, જે મુજબ આવતા મહિને છઠ્ઠી તારીખે બાબરી મસ્જિદ તોડી પાડવાની વરસીના પ્રસંગે દેશના વિવિધ શહેરોમાં ૩૨ કારો વડે ધડાકા કરવાનું આયોજન હતું.

આ ધડાકાઓ કરવા માટે લાલ કિલ્લા નજીક ફૂંકાઇ ગયેલ આઇ-૨૦ ઉપરાંત મારૂતિ સુઝુકી બ્રેઝા, મારૂતિ સ્વીફ્ટ ડિઝાયર અને ફોર્ડ ઇકોસ્પોર્ટ સહિત બત્રીસ કારો વિસ્ફોટક સામગ્રી લઇ જવા કે બોમ્બ પહોંચાડવા તૈયાર કરાઇ રહી હતી. આમાંથી ત્રણ કારો પકડાઇ ગઇ છે. આ કામ માટે જૂની અને વારંવાર વેચાયેલી કારો પસંદ કરાઇ હતી જેથી તેમનું પગેરું શોધવામાં પોલીસને મુશ્કેલી પડે. અત્યાર સુધી શોધી કઢાયેલ કારો એટલા માટે પસંદ કરવામાં આવી હતી કારણ કે તે જૂની હતી અને ઘણી વખત ફરીથી વેચાઈ ગઈ હતી, જેના કારણે પોલીસ માટે તેમને શોધવાનું મુશ્કેલ બન્યું હતું. જો કે, હવે ચારેય કાર મળી આવી છે; બ્રેઝા - HR87 U 9988 - હરિયાણાના ફરીદાબાદમાં અલ-ફલાહ સ્કૂલ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરના કેમ્પસમાંથી મળી આવી હતી. ઈકોસ્પોર્ટ - નોંધણી નંબર DL10 CK 0458 - બુધવારે મોડી રાત્રે હરિયાણાના ફરીદાબાદમાં ત્યજી દેવાયેલી મળી આવી હતી, જે હવે આ આતંકવાદી મોડ્યુલના ઓપરેશનનુ કેન્દ્રબિંદુ લાગે છે. એક યુવાન, જેની હજુ સુધી ઓળખ થઈ નથી, તે પાછળની સીટ પર સૂતો જોવા મળ્યો હતો, અને તેને કસ્ટડીમાં

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હી વિસ્ફોટઃ એક પ્રોફેસર, કાર્ડિયોલોજી વિદ્યાર્થીની અટકાયત

**નવી દિલ્હી :** દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટના કેસમાં તપાસ આગળ વધી રહી છે ત્યારે આજે આ સંદર્ભમાં વધુ બે અટકાયતો થઇ હતી જેમાં એક મેડિકલ કોલેજના પ્રોફેસર અને એક કાર્ડિયોલોજીના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આ બંનેની યુપીમાં અટકાયત કરવામાં આવી હતી અને તેઓ બંને જમ્મુ-કાશ્મીરના વતની છે. દિલ્હી વિસ્ફોટના થોડા સમય પહેલા જ જેનો પર્દાફાશ થયો હતો તે આંતરરાજ્ય વ્હાઇટ કોલર મોડ્યુલ દ્વારા દેશના ચાર શહેરોમાં વિસ્ફોટો કરવાનું આયોજન હતું એમ તપાસકર્તાઓએ જણાવ્યું હતું. આ વચ્ચે હાપુરની જીએસ મેડિકલ કોલેજના એક આસિસ્ટન્ટ પ્રોફેસર એવા ડો. ફારૂકની અટકાયત દિલ્હી પોલીસ દ્વારા કોલેજ કેમ્પસમાંથી બુધવારે રાત્રે કરવામાં આવી હતી. તેઓ પણ હરિયાણાની બહુચર્ચિત અલ-ફલાહ યુનિવર્સિટીમાં જ ભણ્યા છે. જ્યારે કાનપુરની ગણેશ શંકર વિદ્યાર્થી મેમોરિયલ કોલેજમાં ભણતા ૩૨ વર્ષના આરીફ મીરની ઉત્તર પ્રદેશ એટીએસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. તે કાર્ડિયોલોજી અને કાર્ડિયાક સર્જરીનો વિદ્યાર્થી છે. આ જ કોલેજના ભૂતપૂર્વ પ્રોફેસર ડો. શાહીન સઇદ દ્વારા પૂછપરછમાં અપાયેલ

...અનુસંધાન પાના 13 પર

## પુણેમાં બે કન્ટેઇનરો વચ્ચે કાર કચડાતા આગ લાગીઃ ૭નાં મોત



**મુંબઇ-**બેંગલોર હાઇવે પર બનેલો બનાવ, 25 વાહનોને અડફેટે લીધા, ૨૦ને ઇજા

**ભયાનક** આગમાં કાર સંપૂર્ણ બળી ગઇ

**પુણે, તા. 13:** ગુરુવારે સાંજે પુણેની બહારના વિસ્તારમાં નવલે બ્રિજ પાસે એક કન્ટેઇનર ટ્રકની બ્રેક ફેલ થતાં તેણે 25 વાહનોને અડફેટે લીધા હતા. ટ્રક પહેલા એક કાર સાથે અથડાઈ. કાર આગળના કન્ટેનર સાથે અથડાઈ હતી અને બંને વચ્ચે કચડાઇ ગઇ હતી અને ત્યાર બાદ કાર અને ટ્રક બન્નેમાં મોટી આગ ફાટી નિકળી હતી.

આગ એટલી ભયાનક હતી કે, કારમાં સવાર લોકોને બચવાનો મોકો પણ મળ્યો ન હતો. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકો જીવતા ભડથું થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ટ્રક- ડ્રાઇવર સહિત સાત લોકોનાં મોત થયાં છે અને લગભગ 20 લોકો ઇજાગ્રસ્ત થયા છે. મોટા ભાગના ઇજાગ્રસ્તો એક મીની બસમાં મુસાફરી કરતા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત મુંબઇ-બેંગલોર હાઇવે પર પુણે નજીક બન્યો હતો.

અકસ્માત એટલો ગંભીર હતો કે કાર કન્ટેનર અને ટ્રક વચ્ચે કચડાઈ ગઈ હતી અને આગ એટલી ભયાનક હતી કે, જોતજોતાંમાં થોડી જ સેકન્ડોમાં કારમાં સવાર પાંચ લોકો સહિત કાર બળીને ખાખ થઈ ગઈ હતી. મૃતકોની ઓળખ થઈ રહી છે. અકસ્માત પછી લગભગ એક કલાક સુધી હાઇવે પર ટ્રાફિક પ્રભાવિત રહ્યો હતો. કેટલાક મૃતકો ઓળખી નહીં શકાય તેટલી હદે બળી ગયા હતા.

## દિલ્હી હુમલાખોરના છેલ્લા કલાકોની વિગતો બહાર આવી

**ઉમર અને તેના સાથીદારો સંકલન માટે એક એન્ક્રિપ્ટેડ સ્વીસ એપ વાપરતા હોવાનું બહાર આવ્યું**

# ચાર શંકાસ્પદોએ રૂપિયા ૨૬ લાખથી વધુ રોકડ એકઠી કરી હતી

**સીસીટીવી** કેમેરાઓના ફૂટેજનો ઉપયોગ કરીને ડો. ઉમરના છેલ્લા કલાકોનું રિકન્સ્ટ્રક્શન કરાયું આયોજીત પ્રવાસ, વાંકોચુંકો રૂટ

**નવી દિલ્હી, તા. 13 (PTI):** ૫૦ થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજનો ઉપયોગ કરીને, દિલ્હી પોલીસે ડૉ. ઉમર નબીના છેલ્લા કલાકોનું રિકન્સ્ટ્રક્શન કર્યું છે, લાલ કિલ્લા વિસ્ફોટ પહેલાની રાત્રે ફરીદાબાદ છોડવાથી લઈને બીજા દિવસે સાંજે વિસ્ફોટકો ભરેલી કાર મેટ્રો સ્ટેશન તરફ ધીમે ધીમે ચલાવવા સુધી, વિસ્ફોટ થયો તેના થોડાક સેકન્ડ પહેલાની તેની ગતિવિધિની માહિતી પોલીસે ભેગી કરી છે.

તપાસકર્તાઓએ એ પણ શોધી કાઢ્યું છે કે ત્રણ શંકાસ્પદો - ડૉ. ઉમર ઉન નબી, ડૉ. મુઝમ્મિલ અહમદ ગની અને ડૉ. શાહીન શાહિદ - આતંકવાદી કાવતરા સંબંધિત તેમની પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન કરવા માટે સ્વિટ્ઝર્લૅન્ડ સ્થિત એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા.

પોલીસે જણાવ્યું હતું કે ચાર શંકાસ્પદોએ ૨૬ લાખ રૂપિયાથી વધુ રોકડ એકઠી કરી હતી, જે રકમ સાચવવા માટે અને ઓપરેશનલ ઉપયોગ માટે ઉમરને સોંપવામાં આવી હતી. એકઠા કરેલા પૈસાનો ઉપયોગ કરીને, જૂથે સપ્લાયર્સ પાસેથી લગભગ ૨૬ ક્વિન્ટલ NPK (નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ) ખાતર ખરીદ્યું હતું, જેની કિંમત આશરે ૩ લાખ રૂપિયા હતી. જેનો ઉપયોગ સામાન્ય રીતે ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસીસ (IED) બનાવવા માટે થાય છે તેવા રસાયણોને આ ખાતર સાથે ભેળવવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા રૂટ-મેપિંગ કવાયતમાં હરિયાણાથી રાષ્ટ્રીય રાજધાની સુધીની મુસાફરીના કલાકોને ધીમે ધીમે ભેગા કરવામાં આવ્યા છે, જેમાં બતાવવામાં આવ્યું છે કે તે રસ્તાની બાજુમાં આવેલા એક ખાણીપીણીના સ્થળે ખોરાક માટે રોકાયો હતો અને બીજા દિવસે સવારે રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશતા

...અનુસંધાન પાના 13 પર

## સોનામાં રૂ. 3000 અને ચાંદીમાં રૂ. 7700નો ઉછાળો

**નવી દિલ્હી, તા. 13 (PTI).** મજબૂત વૈશ્વિક સંકેતો અને નબળા ડોલરને પગલે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ 3,000 રૂપિયા વધીને 1,30,900 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયા હતા. એમ ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશને જણાવ્યું હતું. વેપારીઓએ જણાવ્યું હતું કે, યુએસ સરકારના શટડાઉનના અંતથી પણ સુરક્ષિત સંપત્તિની અપીલને બળ મળ્યું છે. 99.5 ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુએ સતત ત્રીજા દિવસે વધારો જારી રાખ્યો હતો અને બુધવારના 1,27,300 રૂપિયા પ્રતિ 10 ગ્રામથી 3,000 રૂપિયા વધીને 1,30,300 રૂપિયા પ્રતિ 10 ગ્રામ (બધા કર સહિત) થયો. સ્થાનિક બુલિયન બજારમાં છેલ્લા બજાર સત્રમાં 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું 1,27,900 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ થયું હતું. ગુરુવારે ચાંદીના ભાવ ૭,૭૦૦ રૂપિયા વધીને ૧,૬૯,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ (બધા કર સહિત) થયા હતા. બુધવારે ચાંદી ૫,૫૪૦ રૂપિયા વધીને ૧,૬૧,૩૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર સ્થિર થઈ હતી. આ દરમિયાન, ટ્રમ્પ વહીવટીતંત્રે ૪૩ દિવસના રેકોર્ડ સરકારી શટડાઉનને

...અનુસંધાન પાના 13 પર

તા. ૧૩-૧૧-૨૦૨૫નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૨° સે. | ૧૮.૪° સે. | ૩૬% |

**આ યુનિવર્સિટીને મળતા નાણા ભંડોળોના પ્રવાહની તપાસ કરવા પણ ઇડી સહિતની સંસ્થાઓને કેન્દ્રનો આદેશ**

# આતંકીઓનો અડ્ડો બનેલી અલ-ફલાહ યુનિવર્સિટી સામે તવાઈ

**અલ-ફલાહ** યુનિવર્સિટીના રેકર્ડ્સના ફોરેન્સિક ઓડિટનો આદેશ

**નવી દિલ્હી, તા. 13:** દિલ્હી વિસ્ફોટ પછી જે ચકાસણી હેઠળ આવી ગઇ છે તે હરિયાણાની અલ-ફલાહ યુનિવર્સિટીના તમામ રેકોર્ડોના ફોરેન્સિક ઓડિટ માટે સરકારે આદેશ આપ્યો છે. આ ઉપરાંત ઇડી તથા અન્ય નાણાકીય તપાસ એજન્સીઓને આ યુનિવર્સિને મળતા નાણા પ્રવાહની તપાસ કરવાનું પણ જણાવાયું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના અધ્યક્ષપદ હેઠળ મળેલી એક ઉચ્ચ સ્તરીય બેઠક પછી આ નિર્ણય લેવાયો હતો, જે બેઠકમાં લાલ કિલ્લા નજીક ૧૦ નવેમ્બરે થયેલા વિસ્ફોટની ચાલી રહેલી તપાસમાં પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. "અલ ફલાહ યુનિવર્સિટીના તમામ રેકોર્ડનું ફોરેન્સિક ઓડિટ કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. સરકારે ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) અને અન્ય નાણાકીય એજન્સીઓને પણ અલ ફલાહ યુનિવર્સિટીના મની

...અનુસંધાન પાના 13 પર




### અલ-ફલાહ યુનિવર્સિટીને NAACની નોટિસ

**નવી દિલ્હી.** અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડિટેશન કાઉન્સિલે અલ ફલાહ યુનિવર્સિટીને તેની વેબસાઇટ પર ખોટા પ્રમાણપત્ર પ્રદર્શિત કરવા બદલ કારણદર્શક નોટિસ જારી કરી છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડિટેશન કાઉન્સિલ(NAAC) એ એક સ્વાયત્ત સંસ્થા છે જે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું મૂલ્યાંકન કરીને તેમને શિક્ષણની ગુણવત્તા અંગે પ્રમાણપત્ર આપે છે. NAAC એ તેની શો-કોઝ નોટિસમાં જણાવ્યું હતું કે તેણે નોંધ્યું છે કે યુનિવર્સિટીએ તેની વેબસાઇટ પર ખોટી રીતે દર્શાવ્યું છે કે તેની કેટલીક કોલેજો NAAC-પ્રમાણિત છે. આ યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે તેની ત્રણમાંથી બે કોલેજોને NAAC તરફથી એ ગ્રેડ મળ્યો છે. આ તદ્દન ખોટું છે અને જાહેર જનતાને, ખાસ કરીને વાલીઓ, વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરનારું છે એમ NAAC દ્વારા નોટિસમાં જણાવાયું છે. "બંને કોલેજોના એક્રેડિશનનો દરજ્જો સમાપ્ત થઈ ગયો છે. બંને કોલેજોએ હજુ સુધી NAAC ની નવી મૂલ્યાંકન પ્રક્રિયા માટે સ્વૈચ્છિક અરજી આપી નથી," એમ નોટિસમાં જણાવાયું છે.

## અલ-ફલાહ યુનિવર્સિટીના સ્થાપક ૧૫ કંપનીઓ સાથે સંકળાયેલા છે




**આમાંથી** ૭ કંપનીઓ તો એક જ સરનામે નોંધાયેલી છે! 7.5 કરોડની ઠગાઈના કેસમાં 3 વર્ષની જેલ

**નવી દિલ્હી, તા. 13 :** દિલ્હી લાલ કિલ્લા કાર વિસ્ફોટ પછીની તપાસ ગુરુવારે ફરીદાબાદમાં અલ-ફલાહ યુનિવર્સિટીના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી જવાદ અહેમદ સિદ્દીકી સુધી પણ વિસ્તરી છે, જે યુનિવર્સિટીમાં ત્રણ મુખ્ય શંકાસ્પદોમાંથી બે - ડૉ. શાહીન સઈદ અને ડૉ. મુજમ્મીલ શકીલને નોકરીએ રાખવામાં આવ્યા હતા.

યુનિવર્સિટી તેના ભંડોળ અંગે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અલગ તપાસનો સામનો કરી રહી છે. સિદ્દીકીના 'વિશાળ કોર્પોરેટ નેટવર્ક' અને એક જૂનો ફોજદારી કેસ - જેમાં તેમના એક સહયોગી અને તેમના પર રૂ. 7.5 કરોડની છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી - તે સમાંતર તપાસના કેન્દ્રબિંદુઓમાં સામેલ છે એમ સૂત્રોએ જણાવ્યું હતું. કોર્પોરેટ બાબતોના મંત્રાલય અને ઝૌબાકોર્પ તરફથી જાહેરમાં ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે યુનિવર્સિટીના ડિરેક્ટર જવાદ અહમદ સિદ્દીકી શિક્ષણ, સોફ્ટવેર, કૃષિ વ્યવસાય અને સંશોધન પ્રવૃત્તિઓમાં રોકાયેલી ઓછામાં ઓછી 15 કંપનીઓ સાથે સંકળાયેલા છે. આમાંથી, નવ કંપનીઓ હાલમાં

...અનુસંધાન પાના 13 પર

### યુનિવર્સિટીનું સભ્યપદ રદ કરતું AIU

**નવી દિલ્હી.** એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (AIU) એ ગુરુવારે લાલ કિલ્લા વિસ્ફોટ કેસના સંદર્ભમાં તપાસ હેઠળ આવેલી અલ ફલાહ યુનિવર્સિટીનું સભ્યપદ સસ્પેન્ડ કર્યું છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (AIU) એ સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલ સોસાયટી છે, જેમાં ભારતીય યુનિવર્સિટીઓ સભ્યપદ ધરાવે છે. હરિયાણાની અલ-ફલાહ યુનિવર્સિટીની વર્તણૂક યોગ્ય નહીં હોવાથી યુનિવર્સિટીઓના મંડળમાંથી તેનું સભ્યપદ રદ કરાયું છે એ મુજબ એઆઇયુ એ જણાવ્યું હતું.

# બિહારમાં આજે પરિણામ



**સત્તાનું** પુનરાવર્તન થશે કે પરિવર્તન? તે બપોર સુધીમાં સ્પષ્ટ થઇ જશે

**જો ૨૦૨૦ની** જેમ મતગણતરી અધવચ્ચે અટકાવી દેવા જેવા કૃત્યો થશે તો નેપાળ જેવા તોફાનો થવાની રાજદની ધમકી, મતગણતરી કેન્દ્રો પર દ્વિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા

**પટના, 13 (PTI):** બિહારના રાજકીય ક્ષેત્રના નેતાઓએ ગુરુવારે ભારે ચર્ચાઓ કરી અને છેલ્લી ઘડીની તૈયારીઓની સમીક્ષા કરી કારણ કે રાજ્ય તાજેતરમાં યોજાયેલી ઉચ્ચ-સ્તરની વિધાનસભા ચૂંટણીમાં મળેલા મતોની ગણતરી માટે તૈયાર થઈ રહ્યું હતું, જે નક્કી કરશે કે સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેલા નીતિશ કુમારને વિક્રમી પાંચમી મુદત મળશે કે નહીં.

આરજેડી નેતા અને ઈન્ડિયા બ્લોકના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તેજસ્વી યાદવે કહ્યું કે તેમના પક્ષના કાર્યકરો અને સામાન્ય લોકો "ગણતરી દરમિયાન કોઈપણ ગેરબંધારણીય પ્રવૃત્તિ"નો સામનો કરવા માટે તૈયાર છે, જ્યારે ઓછા જાણીતા આરજેડી નેતા સુનીલ કુમાર સિંહે ધમકી આપી હતી કે જો "૨૦૨૦ ની જેમ ગણતરી બંધ કરવામાં આવે તો" શેરીઓમાં

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હીનું પ્રદૂષણ ખૂબ ગંભીર છે, માસ્ક પણ પુરતા નથીઃ સુપ્રીમ

**સુપ્રીમ** કોર્ટે વકીલોને હાલ કોર્ટમાં રૂબરૂ આવવાને બદલે વીડિયો કોન્ફરન્સથી હાજર થવા ભારપૂર્વક જણાવ્યું



**નવી દિલ્હી, તા. 13:** સુપ્રીમ કોર્ટે ગુરુવારે દિલ્હીમાં પ્રદૂષણના ઊંચા સ્તર અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને વરિષ્ઠ વકીલોને સુનાવણીમાં વર્ચ્યુઅલી હાજર રહેવા કહ્યું હતું કારણ કે ફક્ત માસ્ક પહેરવાનું પૂરતું જણાતું નથી.

વાયુ પ્રદૂષણની સ્થિતિને "ખૂબ જ ગંભીર" ગણાવતા, સર્વોચ્ચ અદાલતે

...અનુસંધાન પાના 13 પર